# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/10/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **નાયબ મુખ્યમંત્રી રાજકોટમાં 300 જેટલા લોકોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના પ્રવાસે-માણસામાં કુળદેવીના દર્શન કરશે.**
3. **પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજનાના અસરકારક અમલીકરણ માટે ગુજરાતને ત્રણ એવોર્ડ મળ્યાં.**
4. **રાજકોટમાં દાગીના લઇને જતાં એક વ્યક્તિની હત્યા કરીને લૂંટ કરવામાં આવી.**
5. **નવરાત્રીના પાછલા દિવસોમાં હળવા વરસાદની આગાહી.**
6. **હૈદરાબાદમાં રમાયેલી ટી-20ની ચોથી મેચમાં વેસ્ટ ઇન્ડિઝે ભારતને હરાવી શ્રેણી સરભર કરી.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# HARSH SANGHVI SAURASTRA VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે સૌરાષ્ટ્રના પ્રવાસે જશે. શ્રી સંઘવી આજે રાજકોટમાં પ્રમુખસ્વામી ઓડિટોરિયમ ખાતે પડોશી દેશોમાંથી ભારતમાં વસવાટ કરતાં 300 જેટલો લોકોને 'ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત' કરશે. જેમાં રાજકોટ જિલ્લાના 259, મોરબી જિલ્લાના 53, સુરેન્દ્રનગર જિલ્લાના એક અને કચ્છ જિલ્લાના છ અરજદારોને ભારતીય નાગરિકતાના પ્રમાણપત્રો આપવામાં આવશે.

આ ઉપરાંત રાજકોટ ખાતે નાયબ મુખ્યમંત્રીના હસ્તે શાપરમાં નવી વિભાગીય પોલીસ અધિકારીની કચેરીનું લોકાર્પણ થશે. અહી તેઓ રાજકોટ ગ્રામ્યના પોલીસ સ્ટેશનોને ISO 9001: 2015 પ્રમાણપત્ર એનાયત કરશે.

આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં કેટલાક ગુનાઈત તત્વોએ દગાબાજી અને છેતરપિંડી કરીને ખેડૂતોની જમીન અને દસ્તાવેજો પડાવી લીધા હતા. જો કે રાજકોટ ગ્રામ્ય પોલીસે એસ.આઈ.ટી રચીને તપાસ કરીને ખેડૂતો પાસેથી પડાવાયેલી જમીન પરત મેળવી હતી. પોલીસ તંત્રએ સબરજિસ્ટ્રાર કચેરીના સહયોગથી, 500થી વધુ વિઘા જમીનના આશરે કરોડો રૂપિયાની કિંમતના જમીનના દસ્તાવેજો પરત મેળવ્યા છે. આજે ખેડૂતોને આ જમીનના દસ્તાવેજો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે પરત અપાશે.

રાજકોટની મુલાકાત અગાઉ શ્રી સંઘવી સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પહોંચીને ચામુંડા માતાના દર્શન કરીને ધ્વજારોહણ કરશે.

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવરાત્રિ નિમિત્તે આજે રાજ્યની મુલાકાતે આવશે. નવરાત્રિના પાંચમા નોરતે તેઓ પોતાના વતન માણસા ખાતે કુળદેવી બહુચર માતાજીનાં દર્શન કરીને આશીર્વાદ મેળવશે.

શ્રી શાહ દર વર્ષે નવરાત્રીમાં કુળદેવીના દર્શન કરે છે. અમદાવાદ પોલીસે અમિત શાહની મુલાકાતને લઇને અમદાવાદને નો ફ્લાઇઝોન વિસ્તાર જાહેર કર્યો છે.

# YUVA ROJGAR

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે ભરવાડ યુવા સંગઠન દ્વારા સામાજિક અને આર્થિક ઉત્થાનના ભાગરૂપે 'યુવા રોજગાર યોજના' હેઠળ 221 નવીન જેસીબી મશીનોના વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે યુવાનોને આત્મનિર્ભર બનાવવાની દિશામાં સામુદાયિક મશીનરીનું વિતરણ કરાયું હતું.

કાર્યક્રમમાં ડિજિટલ યુગમાં નવી પેઢીને મજબૂત બનાવવાના ભાગરૂપે 'લાકડીથી લેપટોપ સુધી'ના વિચાર સાથે નાયબ મુખ્યમંત્રીની લેપટોપથી અનોખી તુલા કરાઈ હતી. આ લેપટોપ આવનાર સમયમાં ધોરણ 10 અને 12ના બોર્ડમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ભેટ આપવામાં આવશે.

# PM AVAS GUJARAT AWARDS

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી)ની અસરકારક અમલવારી બદલ ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા ગુજરાતને વિવિધ શ્રેણીમાં ત્રણ રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યું છે.

ગુજરાતને પ્રથમ પુરસ્કાર '**સ્ટેટ વીથ હાઇએસ્ટ નંબર ઓફ રીફોર્મ્સ અચિવ PMAY (U) 2.0**' શ્રેણીમાં મળ્યો છે. બીજો પુરસ્કાર 'સ્ટેટ વીથ હાઇએસ્ટ કમ્પ્લીશન ઓફ **BLC** હાઉસીસ **PMAY (U) –** બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ' શ્રેણીમાં પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત, ત્રીજો પુરસ્કાર 'બેસ્ટ પ્રેક્ટિસ ઇન ટાઉન પ્લાનિંગ સ્કીમ **(TPS)** પ્રોસિઝર' શ્રેણીમાં મળ્યો છે.

# RAJKOT LOOT WITH MURDER

રાજકોટ શહેરના આજી વસાહત વિસ્તારમાં આવેલી તનવી ગોલ્ડના કર્મચારી લાલભાઈ સરધારા અંદાજિત એક કિલો સોનું અને બે કિલો ચાંદીના દાગીના લઈ એક્ટિવા પર જઈ રહ્યા હતા. આ સમયે કારમાં આવેલા ત્રણથી ચાર લૂંટારુઓએ તેની પાસે રહેલો દાગીના ભરેલો થેલો આંચકવાનો પ્રયાસ કર્યો.

પરંતુ, લાલભાઈએ પ્રતિકાર કરતા લૂંટારુએ પોતાની પાસે રહેલા હથિયારમાંથી ફાયરીંગ કરી લૂંટ ચલાવી. લાલભાઈને છાતીના ભાગે ગોળી લાગતા સારવાર માટે ખાનગી હોસ્પિટમલાં ખસેડાયા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ ઘટના અંગે પોલીસ તપાસ કરી રહી હોવાનું DCP હેતલ પટેલે જણાવ્યું.

**BYTE: HETAL PATEL, DCP ZONE 1**

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# DIU - SHANKASPAD MOT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના સાઉદવાડી-નાગવાડી વિસ્તારમાં સગા ભાઈ-બહેનનાં શંકાસ્પદ મોત થવાની ઘટના બની છે. પરિવારજનોના જણાવ્યા અનુસાર, ચાર વર્ષીય અયાંશ અને સાત વર્ષીય કાનિશાની તબિયત નાદુરસ્ત હોવાથી તેમને વણાકબારા અને ત્યારબાદ વધુ સારવાર માટે ઉના લઈ જવામાં આવ્યાં હતાં. ઉના ખાતે બંને બાળકોને મૃત જાહેર કરવામાં આવ્યાં હતાં.

પોલીસે શંકાના આધારે બંને બાળકોના મૃતદેહોને વણાકબારા સ્મશાનગૃહથી કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા અને જરૂરી સેમ્પલ લઈને વધુ તપાસ માટે બહાર મોકલવામાં આવ્યાં છે. બંને બાળકોનાં મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# SEVA SANKALP ABHIYAN DHOLERA SIR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જાહેરસેવામાં 25 વર્ષ પૂર્ણ થયા છે. તે અંગેની અમારી આ વિશેષ શ્રેણીમાં આજે અમે આપને જણાવીશું ધોલેરા S.I.R. એટલે કે, વિશેષ રોકાણક્ષેત્ર અંગે.**

## CAPSULE: PRAVESH ADIACHA

*(ભારતના મોટાભાગના ઔદ્યોગિક શહેર પહેલા વિકસિત થયા અને બાદમાં ત્યાં માળખાકીય સુવિધાઓ પહોંચી. અમદાવાદનું ધોલેરા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની એક દૂરંદેશી પહેલ છે. ખંભાતના અખાત પાસે એવું ગ્રીનફિલ્ડ સિટી, જ્યાં કોઈ પણ પ્લોટ વેચાતા પહેલા માર્ગ, પાણી, વીજળી અને ફાયબર જેવી સુવિધાઓ પહોંચાડવામાં આવે છે. ધોલેરાને એક આધુનિક ઉત્પાદનના હબ તરીકે ઉભરવા અને ભવિષ્યની ટેક્નિક માટે તેની તૈયારીઓનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે,*

***(BYTE: NARENDRA MODI, PRIME MINISTER)***

*સ્માર્ટ સિટીના વિસ્તરણ અને તેની ઝડપથી વિકસતી માળખાકીય સુવિધાઓ પર પ્રકાશ પાડતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે,ત*

***(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)***

*ઐતિહાસિક દરિયાઈ વારસાથી લઈ ભારતના અત્યાધુનિક ઉત્પાદનના ભાવિ સુધી, ધોલેરા દૂરંદેશી યોજના અને વિકસિત ભારતના સંકલ્પનું એક વિશેષ પ્રતીક છે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

# WEATHER

આગામી 7 દિવસ દરમિયાન રાજ્યમાં તાપમાનમાં ખાસ ફેરફાર થવાની શક્યતા નથી. જોકે, 19 ઓક્ટોબરના રોજ રાજ્યના કેટલાક વિસ્તારોમાં સામાન્યથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

ટ્રફ સક્રિય થવાના કારણે અમરેલી, ભાવનગર, વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એક તરફ ગુજરાતમાં ઓક્ટોબર મહિનામાં પણ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે, તો બીજી તરફ કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી હોવાનુ હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ જણાવ્યું હતું.

# AN IMPORTANT ANNOUNCEMENT

પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત.

**(VC : PTC JAHERAT NEWS RNU)**

# CRICKET - 4TH T20I

ક્રિકેટમાં, વેસ્ટ ઇન્ડીઝે હૈદરાબાદમાં રમાયેલી ચોથી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને 24 રનથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતાં, વેસ્ટ ઇન્ડીઝે નિર્ધારિત 20 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને 247 રન બનાવ્યા.

જવાબમાં 248 રનના લક્ષ્યનો પીછો કરતા ભારત 19.3 ઓવરમાં નવ વિકેટે 223 રન જ બનાવી શક્યું. સંજુ સેમસન 56 અને તિલક વર્માએ 43 રનનું યોગદાન આપ્યું. પાંચ મેચની શ્રેણી હવે 2-2થી બરાબર થઈ ગઈ છે. શ્રેણીની છેલ્લી મેચ શનિવારે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાશે.

# NAVRATRI - 5TH DAY

નવરાત્રીનો આજે 5મો દિવસ છે. આજે સ્કંદમાતાની પૂજા-અર્ચના કરવામાં આવે છે. રાજયભરમાં નવરાત્રિની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે. જે અંતર્ગત જામનગર શહેરમાં લોટસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક પ્રાચીન ગરબીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉમટી રહ્યા છે.

રિલાયન્સ ટાઉનશિપમાં યોજાઈ રહેલ નવરાત્રી મહોત્સવ 2026માં ભાગ લેવા માટે જાણીતા ફિલ્મ અભિનેતા ટાઈગર શ્રોફનું જામનગર એરપોર્ટ ઉપર આગમન થયું હતું.

પંચમહાલ જિલ્લાના ગોધરા સબ જેલમાં નવરાત્રિની ઉજવણી કરવામાં આવી. જેલ પરિસરમાં માતાજીની મૂર્તિ અને ગરબીની સ્થાપના કરી આરતી-પૂજન બાદ ગરબાનું આયોજન કરાયું હતું.

# AHMEDAVAD METRO

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા નવરાત્રી દરમિયાન મુસાફરોની સુવિધા માટે અમદાવાદ મેટ્રો ટ્રેનની સમય મર્યાદા લંબાવાઈ છે. હવે મેટ્રો ટ્રેન 14 ઓક્ટોબરથી 19 ઓક્ટોબર દરમિયાન રાત્રે 2 વાગ્યા સુધી કાર્યરત રહેશે.

રાત્રે 10 કે 11 વાગ્યા પછીના કલાકો દરમિયાન મેટ્રો ટ્રેનની ફ્રિક્વન્સી દર 20 થી 30 મિનિટે એક ટ્રેનની રહેશે. આ દિવસો દરમિયાન મેટ્રો ટ્રેનો સામાન્ય સમય કરતાં વધુ સમય સુધી દોડતી રહેશે.

જે અંતર્ગત વસ્ત્રાલ ગામથી થલતેજ ગામની છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 2 વાગ્યે ઉપડશે. કોટેશ્વર રોડથી APMCની છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 2 વાગેને 07 મિનિટે, જ્યારે APMC થી કોટેશ્વર રોડની છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 2 વાગેને 14 મિનિટે ઉપડશે. મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 (ગાંધીનગર)ની છેલ્લી મેટ્રો ટ્રેન રાત્રે 2 વાગ્યે ઉપડશે.